# સ્નાતક મેડિકલ, ડેન્ટલ કોર્સમાં પ્રવેશ નિયમમાં ફેરફાર કરાયા

## ગુજરાતમાં સ્નાતક કક્ષાની મેડિકલની ચાર હજાર અને ડેન્ટલની ૧૧૫૫ સીટો રહેલી છે : પ્રધાન નીતિન પટેલ

ગાંધીનગર,તા.૯

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, ગુજરાતમાં સ્નાતક કક્ષાની મેડીકલની ૪૦૦૦ ડેન્ટલની ૧૧૫૫, આયુર્વેદની ૧૮૨૦, હોમિયોપેથીની ૩૨૫૦ અને નેચરોપેથીની ૬૦ મળી કુલ ૧૦,૦૦૦થી વધુ બેઠકો ઉપલબ્ધ છે. આ બેઠકો ઉપર પ્રવેશ માટે રાજ્યના હોશિયાર વિદ્યાર્થીઓને વધુ લાભ મળે તે માટે મૂળ ગુજરાતના અધિનિવાસી હોય તેવા વિદ્યાર્થીઓને જ વર્ષ-૨૦૧૮થી પ્રવેશ માટે લાયક ગણવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. પ્રવેશ સમયે વિદ્યાર્થીઓ અધિકૃત સક્ષમ અધિકારી દ્વારા અધિનિવાસ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. સ્નાતક કક્ષાએ તબીબી શિક્ષણમાં પ્રવેશ માટે રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા આ મહત્વના નિર્ણયની જાહેરાત કરતાં નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, સ્નાતક, મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદ, હોમીયોપેથી અને નેચરોપેથીના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેના નિયમોમાં આ સુધારાઓ કરવાથી રાજ્યના તેજસ્વી વિદ્યાર્થીઓને મોટો ફાયદો થશે. તેમણે ઉમેર્યું કે, ઓવરસીઝ સીટીઝન ઓફ ઈન્ડિયાનું કાર્ડ ધરાવતાં અને મૂળ ગુજરાતના અધિનિવાસી હોય તેવા વિદ્યાર્થીઓ એનઆરઆઈ બેઠકો ઉપરાંત હવેથી સરકારી બેઠકો પર પ્રવેશ માટે પણ લાયક ગણાશે. પ્રવેશ સમયે વિદ્યાર્થીઓ સક્ષમ અધિકારીનું અધિનિવાસ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. તેમણે ઉમેર્યું કે, ગુજરાત બોર્ડ, સેન્ટર બોર્ડ, કાઉન્સીલ ઓફ ઈન્ડીયન સ્કૂલ સર્ટીફીકેટ, એકઝામીનેશન બોર્ડ ઉપરાંત ઈન્ટરનેશનલ સ્કૂલ બોર્ડ તેમજ નેશનલ ઈન્સ્ટીટ્યુટર ઓફ ઓપન સ્કૂલીંગની સાથે સંલગ્ન હોય તેવી ગુજરાતમાં આવેલી શાળાઓમાંથી ધોરણ-૧૨ પાસ કરેલ વિદ્યાર્થીઓને પણ જો તેઓ નીટ પાસ કરે તો તબીબી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે પાત્ર ગણાશે. મૂળ ગુજરાતના અધિનિવાસી હોય અને રાજ્ય બહાર સેવાઓ આપી રહ્યા હોય તેવા સંરક્ષણના તમામ દળોના કર્મચારીઓ અધિકારીઓના બાળકો પણ પ્રવેશ માટે પાત્ર ગણાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, જે વિદ્યાર્થીઓએ અગાઉના વર્ષમાં પ્રવેશ સમિતિ દ્વારા કોઈ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય અને ફરીથી નીટની પરીક્ષા પાસ કર્યા બાદ અન્ય અભ્યાસ ક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છા ધરાવતા હોય તેવા વિદ્યાર્થીઓએ હાલમાં જે અભ્યાસક્રમ ચાલુ હોય તે અભ્યાસક્રમની ફી રેગ્યુલેટરી કમિટીએ નક્કી કરેલી તમામ વર્ષોની ફી ભરીને સંબંધિત સંસ્થા પાસેથીના વાંધા પ્રમાણપત્ર અને અસલ પ્રમાણપત્રો રજુ કર્યે પ્રવેશ સમિતિ દ્વારા ફરીથી નવો પ્રવેશ મેળવવા માટે પાત્ર ગણાશે.



**ડીસા નજીકથી લગ્નના મંડપની આડમાં લઇ જવાતો વિદેશી દારૂ ઝડપાયો**

બનાસકાંઠા જિલ્લામાં દિનપ્રતિદિન દારૂના બુટલેગરો આવ નવો કમિયો આજ માનતા હોય તેવું સ્પષ્ટપણે દેખાઇ રહી છે જોકે બનાસકાંઠા જિલ્લાના જિલ્લા પોલીસ વડા નીરજકુમાર બડગુજરની બાજનજરથી બનાસકાંઠા જિલ્લામાં ઠેરઠેર દારૂ ઉપર તથા દારૂના બુટલેગર ઉપર તવાઈ વર્તાવી રહ્યા છે જોકે બુટલેગરોમાં તો ભારે ફફડાટ વ્યાપી ગયો હોય તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે ત્યારે ગતરોજ ડીસા-પાટણ હાઈવે ઉપર લગ્નનો મંડપ ભરેલા પીક-અપ ડાલામાંથી વિદેશી દારૂ ઝડપાતા બુટલેગરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. જોકે બનાસકાંઠા જિલ્લા પોલીસ વડાની બાજ નજર હેઠળ કરેલી કામગીરી પ્રસંશા ને પાત્ર છે ત્યારે આજરોજ બનાસકાંઠા જિલ્લાના એવા વ્યાપારી મથક ગણાતા ડીસા શહેર પાટણ હાઈવે હાઇવે અને ડીસા તાલુકા પોલીસ સ્ટેશનની હદમાંથી પાલનપુર એલસીબી દ્વારા વિદેશી દારૂ ઝડપાયો હતો ત્યારે વધુ તપાસ પાલનપુર એલ.સી.બી ચલાવી રહી છે.

# સેક્ટર-૭-ડીના તેજસ્વી તારલાંઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના સેક્ટર-૭-ડીના નિવૃત્ત સરકારી અધિકારી મંડળ તથા શહેરીજન સંસ્થા દ્વારા દર વર્ષે ધોરણ-૧ થી ૯માં અભ્યાસ કરતાં તેજસ્વી તારલાંઓને સન્માનવાનો કાર્યક્રમ કરવામાં આવે છે. જેમાં ગાંધીનગરના પેન્શનર્સ સમાજના આજીવન સભ્યોના પૌત્રાદીઓના માર્કશીટની નકલ મંગાવવામાં આવે છે. આથી સેક્ટર-૭-ડીના શહેરીજન સંસ્થાના આજીવન સભ્યોના પૌત્રાદીઓએ ધો. ૧ થી ૯માં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવ્યા હોય તેમણે બે નકલમાં પાછળના ભાગે વિદ્યાર્થીનું નામ, માતા-પિતાનું નામ, જે આજીવન સભ્ય છે તે દાદા-દાદીનું નામ, સભ્ય ક્રમાંક, પુરૂ સરનામુ, ટેલિફોન નંબર તથા ધોરણ સહિત મેળવેલ ગુણની ટકાવારી દર્શાવવા સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું છે. આ માર્કશીટ તા. ૩૧મી મે સુધીમાં સેક્ટર-૭-ડીના પ્રતિનિધિઓને પહોંચાડવા જણાવ્યુ છે.

**માર્કશીટની નકલ આપવા સંપર્ક કરવો**

જયંત જી. ભટ્ટ પ્લોટ નં. ૧૨૪૨/૨, ટે. નં. ૨૩૨-૨૧૮૮૮
સુમંતભાઈ એસ. શાહ પ્લોટ નં. ૧૨૫૫/૧, ૯૫૧૦૯૯૪૮૨૭
ભૂપતભાઈ ભૂતડીયા - પ્લોટ નં. ૧૨૦૭/૧, ૯૮૨૪૩૮૨૬૫૦
ભક્તિભાઈ એસ. કારિયા પ્લોટ નં. ૧૩૧૪/૧, ફોન નં. ૨૩૨-૨૭૬૫૧
મહેશભાઈ ડી. રાવલ, પ્લોટ નં. ૧૨૨૨/૧, ફોન - ૨૩૨-૩૩૦૬૭

# શહેરની પોસ્ટ ઓફિસોની લેવડ દેવડની કામગીરી ત્રણ દિવસ બંધ રહેશે

ગાંધીનગર પોસ્ટલ ડિવિઝનની તમામ પોસ્ટ ઓફિસોની કામગીરીનું ડીજીટીલાઈઝેશન તા.૧૫ મે થી થઈ રહ્યું છે. આ અંતર્ગત જરુરી ટેકનીકલ કાર્યવાહીની તૈયારી માટે ગાંધીનગર ડિવિઝનના તાબા હેઠળની તમામ પોસ્ટ ઓફિસોમાં નાણાકીય લેવડ-દેવડ સહિતની અન્ય તમામ કામગીરી તા.૧૨ થી ૧૪ મે સુધી બંધ રહેશે. તેની માનવંતા ગ્રાહકો અને નાગરીકોએ નોંધ લેવા સિનિયર સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસ ગાંધીનગર દ્વારા જણાવવામાં આવ્યું છે.

# શહેરમાં સંસ્કૃતિ સંસ્કાર શિબિરનું આયોજન

સંસ્કૃતપ્રેમી, સંસ્કૃતિ પ્રેમી અને રાષ્ટ્ર પ્રેમી નાગરીક ભાઈ બહેનોને આનંદ સાથે જણાવવાનું કે પવિત્ર અધિકમાસના પાવન પર્વ નિમિતે આગામી તા. ૧૩,૧૪ અને ૧૫ મે ૨૦૧૮ ( રવિવાર, સોમવાર, મંગળવાર)ના રોજ માતા બહેનો માટે સંસ્કૃતિ શિબિરનું આયોજન બપોરે ૩ થી ૭ કલાક દરમિયાન ભારતીય કિસાન સંઘ બલરામ મંદિર પરિસર ઉમિયા માતાજી મંદિર પાસે સેકટર-૧૨ખાતે કરવામાં આવ્યું છે. શિબિરમાં વ્યકિત તથા સમગ્ર પરિવારને શ્રેષ્ઠ ફળ આપનાર સિદ્ધ સ્ત્રોત શ્રી ગણપતિ અથર્વશીર્ષ ના પઠન અને પાઠન માટે વિશિષ્ઠ પધ્ધતિથી પ્રશિક્ષણ આપવામાં આવશે. સ્ત્રોતના પ્રશિક્ષણ સાથે સાથે ધર્મ, સંસ્કૃતિ મુલક અનેક વિષયો પર ચર્ચા અને માર્ગદર્શન કરવામાં આવશે. આ શિબિરમાં ૧૨ થી લઈને ૪૦ વર્ષની વયની બહેનો ભાગ લઈ શકે છે. શિબિરમાં થનાર ચર્ચા અનો પરસ્પર આદાન-પ્રદાનમાં વિષયોમાં શ્રી ગણપતિ અથર્વશિર્ષનું સસ્વર પ્રશિક્ષણ આધુનિક ભાષા પધ્ધતિથી આપવામાં આવશે. સુંદર તનમન સુંદર જીવન, ભારતીય પરિવેશનું વિજ્ઞાન, ભારતનો સામર્થયશાળી ઈતિહાસ અને આજના સમયના આહવાન તેમજ પડકાર, મનોરંજનની વાસ્તવિક પરિભાષા, જેવો વિચાર તેવો આચાર અને એના આધારે ભાવિ જીવનનું નિર્માણ તેમજ દિનચર્યાનું વિજ્ઞાનનો સમાવેશ થાય છે.

# જળસંચય અભિયાન અંતર્ગત વાસ્મો દ્વારા જળ બચતનું અનોખુ લોક-જાગૃતિ અભિયાન

ગાંધીનગર, તા. ૯

સુજલામ્ સુફલામ જળસંચય અભિયાન અંતર્ગત વાસ્મો દ્વારા પણ જળ બચત અંગેનું એક અનોખુ જનજાગૃતિ



અભિયાન છેડવામાં આવ્યુ છે.

વાસ્મોની ટીમ જિલ્લાના વિવિધ ગામોમાં ફરી અને જળસંચય અને જળબચત કેવી રીતે થાય તે માટે ફળિયા બેઠક કરે છે એટલુ જ નહિ પાણી સમિતિના સભ્યોને સાથે રાખી ગામના પાણીના સ્ત્રોતોની તપાસ અને સફાઈની કામગીરી પણ કરે છે.

વાસ્મો દ્વારા પ્રિ-મોન્સુન પાણીના સ્ત્રોતોમાંથી પાણીના નમુના મેળવી અને તેના કેમીકલ તેમજ બેકટરોલોજીસ્ટ ટેસ્ટ માટે મોકલવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

જિલ્લામાં છેલ્લા દસ દિવસ દરમ્યાન ૫૦થી વધુ ગામોમાં ફળિયા બેઠકો અને ગામના પાણીના સ્ત્રોતોની સફાઈ ઉપરાંત પેયજળની પાઈપલાઈનોમાં જો લીકેજીસ જણાય તો તેનુ તાત્કાલિક સમારકામ પણ કરવામાં આવી રહ્યુ છે.

વાસ્મો દ્વારા આ જનજાગૃતિ અભિયાનમાં જો કોઈ ગામમાં પીવાના પાણીની તકલીફ હોય તો ટોલ ફ્રી નંબર ૧૯૧૬ કરવા માટેની પણ જાણકારી આપવામાં આવે છે એટલુ જ નહિ જળબચતના નાના નુસખાઓ થકી ગ્રામજનોનું મન આ અભિયાને મોહી લીધુ છે. જેમ કે તમે સ્નાનમાં મોટા ટબ્લરને બદલે નાનુ ટબ્લર વાપરો તો પણ પાણીની બચત થાય છે તેવી વાતો લોકોને સ્પર્શી રહી છે.

# સિવિલમાં એક જ અઠવાડીયામાં ઝાડા-ઉલ્ટીના ૧૦૨ દર્દીઓ નોંધાયા

ગાંધીનગર શહેરમાં ઉનાળાની ગરમીમાં પણ ઘેર ઘેર માંદગીના ખાટલા જોવા મળી રહ્યા છે. મોડીરાત સુધી ખાનગી




દવાખાનામાં પણ દર્દીઓથી ધમધમી રહ્યા છે. ઉનાળામાં અંગ દઝાડતી ગરમીમાં બિન આરોગ્યપ્રદ ખોરાક આરોગવાથી નાગરીકો બિમારીનો ભોગ બને છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં ગત તા. ૩૦ એપ્રિલથી ૬ મે દરમિયાન ઝાડા-ઉલ્ટીના-૧૦૨, તાવના-૭૬, ડેન્ગ્યુંના-૩, મેલેરીયાના-૭, ટાઈફોઈડ-૫,કમળાના-૧, શ્વસનતંત્રના-૧૧૦ કેસ નોંધાયા છે.

ઉનાળામાં ગરમીનું પ્રમાણ વધતાની સાથે જ નાગરીકો ઠંડા પીણા પીવાનું શરુ કરી દેતા હોય છે. ત્યારે દુષિત અને બિન આરોગ્યપ્રદ ખોરાક આરોગવાથી નાગરીકોને કમળો, ટાઈફોઈડ, મેલેરીયા, ઝાડા-ઉલ્ટી, જેવા પાણીજન્ય રોગ વધારે પ્રમાણમાં થવાની શકયતાઓ રહેલી છે. ઉનાળાની શરુઆત થતાની સાથે શહેરમાં ઠેરઠેર ઠંડા પીણાની લારીઓ તથા રસના કોલા ધમધમવા લાગ્યા છે. ઘ-૪ સેન્ટ્રલ વિસ્ટાની આસપાસ રહેલા માર્ગો પર તો રીતસરનું રાત્રીના સમયે ઠંડા પાણીનું માર્કેટ ઉભુ થઈ જાય છે. પરંતુ મહાનગર પાલિકા આરોગ્ય વિભાગ દ્વારા ઠંડા પીણાની લારીઓ કે રસના કોલા પર હજુ આરોગ્યની ચકાસણી હાથ ધરવામાં આવી નથી. ત્યારે શહેરના ઠેરઠેર માર્ગો પર લીંબુ શરબતના નામે પણ લારીઓ ઉભી રહે છે જેને પગલે રોજ બરોજ રોગચાળામાં વધારો થતો જોવા મળી રહ્યો છે. ગાંધીનગર શહેરમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો વધતા સિવિલની ઓપીડી દર્દીઓથી ઉભરાઈ રહી છે. સિવિલમાં ગત્ તા.૩૦ થી ૬ મે દરમિયાન રોગચાળામાં ઉછાળો જોવા મળ્યો છે. જેમાં પાણીજન્ય ઝાડા-ઉલ્ટીના-૧૦૨, કમળાના-૧, ટાઈફોઈડના-૫, કેસ નોંધાયા છે. તેમજ મેલેરીયાના ૭, તાવના-૭૬, ડેન્ગ્યુંના-૩ તથા શ્વસનતંત્રને લગતા ૧૧૦ કેસ નોંધાયા છે.

# ભિલોડા આર.જી.બારોટ એજ્યુકેશન કેમ્પસમાં નવિન બી.એસ.સી. કોલેજની મંજુરી

ભિલોડા આર.જી.બારોટ એજ્યુકેશન કેમ્પસમાં નવિન બી.એસ.સી. કોલેજની મંજુરી મળતાં વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી છે. ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર આર.બારોટના જણાવ્યા મુજબ હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી, પાટણ ધ્વારા આર.જી. બારોટ એજ્યુકેશન કેમ્પસમાં નવિન બી.એસ.સી. કોલેજની માન્યતા આપવામાં આવી છે. ભિલોડા તાલુકાના ધોરણ.૧૨ સાયન્સ પાસ કરનાર વિદ્યાર્થીઓને વધુ અભ્યાસ અર્થે બી.એસ.સી.કોલેજમાં અભ્યાસ અર્થે હિંમતનગર, મોડાસા, ઈડર અપડાઉન કરવું પડતું હતું જેના કારણે વિદ્યાર્થીઓનો મહામુલ્યવાન સમય વેડફાતો હતો. આર.જી. બારોટ એજ્યુકેશન કેમ્પસમાં બી.એસ.સી.કોલેજની માન્યતા મળતાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આનંદની લાગણી પ્રસરી છે.




**ભિલોડા આર.જે. તન્ના પ્રેરણા મંદીરની એન.એસ.એસ. સ્વયંસેવકોની જળસંચય રેલી**

ભિલોડા આર.જે.તન્ના પ્રેરણા મંદીરની એન.એસ.એસ. સ્વયંસેવકોની જળસંચય રેલીનો કાર્યક્રમ યોજાયો હતો.રાજ્ય સરકારની સુઝલામ્ સુફલામ્ જળસંચય યોજનાનો પ્રચાર અને પ્રસાર થાય તેવા હેતુથી શાળાના તમામ સ્વયંસેવકોની રેલી યોજાઈ હતી. એન.એસ.એસ.સ્વયંસેવકોને આચાર્ય રમણભાઈ પટેલ ધ્વારા ઉનાળાના વેકેશનમાં ગામડાઓમાં જઈ પાણીનો બગાડ ન કરવા અને જરૂરીયાત મુજબ ઉપયોગ કરવા માટે સમાજમાં બહોળો પ્રચાર કરવા માટે સુચનો કર્યા હતા. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર એચ.કે.ભાવસારએ રાજ્ય સરકારની સુચનાઓ અમલ કરવા પર ભાર મુક્યો હતો.જળસંચય રેલીમાં સુપરવાઈઝર બી.એલ.પટેલ, મુકેશભાઈ પટેલ, પી.કે.પટેલ જોડાયા હતા.

# જૈન સમાજ ગાંધીનગરનું ગૌરવ

ગાંધીનગર દિગંબર જૈન સમાજની દિકરી ધીરલ જયેશભાઈ શાહે અમદાવાદની જાણીતી વી.એસ.હોસ્પિટલમાંથી ૭૦ ટકા સાથે



એમબીબીએસ પૂર્ણ કરી પોસ્ટ ગ્રેજ્યુએટની ડીગ્રી માટે નીટની પરિક્ષા આપી હતી. પહેલા જ પ્રયત્ને ગાંધીનગરમાં પ્રથમ, વી.એસ.હોસ્પિટલમાં છઠ્ઠા ક્રમે સ્ટેટ લેવલે ૫૬માં ક્રમે તથા ઓલ ઈન્ડીયા રેકીંગમાં ૧૦૬ઉમાં સ્થાને આવેલ છે. ધીરલે બરોડાની એમ.એસ.યુનિવર્સિટીમાંથી સ્કીન સ્પેશ્યાલીસ્ટ તરીકે એમ.ડી.માં એડમીશન મેળવી ગાંધીનગરનું ગૌરવ વધાર્યુ છે.

# ભિલોડા તાલુકાના ખેરોજ કંપા પાટીયાથી રામનગર ગામને જોડતો માર્ગ બિસ્માર

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ખેરોજ કંપા પાટીયાથી રામનગર ગામને જોડતો ડુગરાળ વિસ્તારનો માર્ગ બિસ્માર હાલતમાં વાહન ચાલકો હેરાન-પરેશાન થઈ રહ્યા છે.છેલ્લા ઘણા સમયથી માર્ગ ઉપર મોટા-મોટા ગાબડાં અને ખાડા પડી ગયા હોવાના કારણે વાહન ચાલકોને ક્યારેક અકસ્માત સર્જાય તેવો ભય દેખાઈ રહ્યો છે.

ભિલોડા તાલુકાના રામનગર ગામના સંકેતભાઈ ચૌધરી,જાગૃત ગ્રામજનો અને વાહન ચાલકોના જણાવ્યા મુજબ ખેરોજ કંપા પાટીયાથી રામનગર ગામને જોડતો માર્ગ છેલ્લા ઘણા સમયથી બિસ્માર હાલતમાં છે.પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે કે માર્ગનું સમારકામ સત્વરે હાથ ધરવામાં આવે તેવી આશા સૌ કોઈ વ્યક્ત કરી રહ્યા છે.

## સરકારી આવાસો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનાવવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવી રહયુ છે. શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ સે-૭ અને સે-૨૯ માં નવી ટાવર કોલોની ઉભી કરવામાં આવી છે. સેકટરોમાં હવે કોર્પોરેટ લુક ધરાવતા સરકારી મકાનો બાંધવામાં આવ્યા છે.સે-૩૦ માં હાલ મકાનો બાંધવાનુ કામ પ્રગતિ હેઠળ છે. આગામી જુન મહીનામાં આવાસોના નિર્માણનુ કામ પુર્ણ કરી દેવાશે.શહેરના સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકને લાયક નથી. ત્યારે મકાનોને અનુલક્ષી કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. શહેરના સરકારી આવાસો રહેણાંકને લાયક નથી ત્યારે નવા આવાસો બાંધવાનુ કામ ઝડપભેર હાથ ધરાય તેવી પણ માંગણી પ્રબળ બની છે. સેકટરોમાં હજુ પણ નવા ૧૦ ટાવરો બાંધવા માટે આયોજન કરવામાં આવી રહયુ છે. આ માટે રૂ ૧૪૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. નવી ટાવર કોલોની બાંધવા માટે સે-૫ અને સે-૬ માં નવા મકાનો બાંધવા માટે વિચારણા હાથ ધરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી નવા આવાસો બાંધવા માટે સ્થળ પસંદગી કરવામાં આવી નથી. જેના લીધે સરકારી આવાસોનુ કામ અટવાયુ છે. સ્થળ પસંદગીના અભાવે સરકારી આવાસો બાંધવાની યોજના ખોરંભે પડી છે.

## ફુલો નિખરશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સિમેન્ટના થાંભલાની ફેન્સીંગ છે. જયારે આગામી દિવસોમાં લોખંડના થાંભલા વાળી ફેન્સીંગ કરવામાં આવશે. આ ઉપરાંત કલરકોડ પ્રમાણે પ્લાન્ટેશન પણ કરાશે મુખ્યમાર્ગો પરના વૃક્ષોં વધુ આકર્ષક બને તે માટે એકરૂપતા જળવાય તેવા પ્રયાસો કરવામાં આવશે. સરખા અંતરે એક જ પ્રકારના વૃક્ષોનુ પ્રમાણ જળવાઈ રહે તે મુજબ આયોજન કરાશે.શહેરના મુખ્યમાર્ગો પર કલરકોડ પ્રમાણે ફુલો નિખારવા ઉપરાંત વન આરક્ષિત જગ્યાની યોગ્ય જાળવણી થાય તેમજ વૃક્ષોને ઘેરુ રંગનો કલર કરાશે. મુજબનુ આયોજન કરવામાં આવશે.

## ફ્રી સારવાર.... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સારવાર પ્રાપ્ત કરાવા માટે અકસ્માતના સ્થળથી સૌથી વધુ નજીક આવેલ ઉચ્ચ પ્રકારની સારવાર-સુવિધા અને ડોકટર ધરાવતી હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવે તો વ્યક્તિઓને બચાવી શકાય છે. અકસ્માત દરમ્યાન ઈજાગ્રસ્ત લોકો ઝડપથી કોઈપણ ખાનગી સહિતની કોઈપણ હોસ્પિટલમાં સારવાર લેશે તો પ્રથમ ૪૮ કલાક દરમ્યાન ઈજાગ્રસ્તનું ડ્રેસીંગ, સ્ટેબીલાઈઝેશન, ફ્રેક્ચર સ્ટેબીલાઈઝેશન, શોકની પરિસ્થિતિની સારવાર, એક્સ-રે ઈજાના ઓપરેશનો, સીટી સ્કેન, એમઆરઆઈ, અલ્ટ્રા સાઉન્ડ, બ્લડ ટ્રાન્સ્ફ્યુઝન, માથાની ઈજાની સારવાર અને ઓપરેશન, ધનિષ્ઠ સારવાર એકમમાં સારવાર, પેટ અને પેઢુની ઈજાઓ જેવી તમામ પ્રકારની સારવાર માટેનો તમામ ખર્ચ જે તે હોસ્પિટલોને સીધે-સીધો રાજ્ય સરકાર દ્વારા ચુકવાશે. જેથી કોઈ ગરીબ કે મધ્યમ વર્ગનો ઈજાગ્રસ્ત દર્દી સારવારના અભાવે જીવન ન ગુમાવે તેવો મહત્વનો પ્રજાલક્ષી નિર્ણય કર્યો છે. દરમિયાન પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ ગુજરાતની ભાજપા સરકારના માર્ગ અકસ્માતમાં વ્યક્તિને તાત્કાલિક સારવાર મળી રહે તે માટેના લેવાયેલા પ્રજાલક્ષી નિર્ણયને સહર્ષ આવકારતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારે આજે વધુ એક પ્રજાલક્ષી નિર્ણય લઈ સરકારના સંવેદનશીલ અભિગમને વધુ એક વખત ઉજાગર કર્યો છે. વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, માર્ગ અકસ્માત દરમ્યાન જો વહેલામાં વહેલી સારવાર મળે તો ઈજાગ્રસ્તને બચાવી શકાય છે. ઈજાગ્રસ્તો માટે પ્રથમ ૪૮ કલાક જ મહત્વના હોય છે. ત્યારે આખા રાજ્યમાં કોઈપણ જગ્યાએ ઈજા પામેલ કોઈપણ આવકજુથની વ્યક્તિને સરકારી કે ખાનગી હોસ્પિટલમાં ત્વરિત સારવાર મળી રહે તે માટે પ્રથમ ૪૮ કલાકનો વ્યક્તિદિઠ ૫૦,૦૦૦ રૂપિયા સુધીનો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે. વાઘાણીએ જણાવ્યું હતું કે, અકસ્માત સમયે જો વ્યક્તિને તાત્કાલિક સારવાર મળી જાય તો જાનહાની ટળી શકાય છે અને આકસ્મિક ઘટના સમયે સારવારનો ખર્ચ સરકાર દ્વારા ચૂકવવાની જવાબદારી સરકાર દ્વારા લેવાતા આફતના સમયે પરિવારની હાલાકી ઓછી થઈ જાય છે, ત્યારે ગુજરાતની આ સંવેદનશીલ સરકારનો આ વધુ એક પ્રજાલક્ષી નિર્ણય આવકારદાયક છે. વાઘાણીએ અંતમાં જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપા સરકારે સામાન્ય માનવીની ચિંતા કરી જન-જન સુધી સૂલભ આરોગ્ય સેવા પહોચે તે માટે અનેક આરોગ્યલક્ષી યોજનાઓ અમલમાં મૂકી છે. છેવાડાનો માનવી પણ તાત્કાલિક સારવાર માટે મા અમૃતમ્ અને વાત્સલ્ય કાર્ડ યોજના દ્વારા ખાનગી તેમજ સરકારી હોસ્પિટલોમાં મફત સારવાર જેવી અનેક આરોગ્યલક્ષી યોજનાઓના સફળ અમલીકરણ દ્વારા ગુજરાતની ભાજપા સરકાર હરહંમેશ ગુજરાતની જનતાના ઉત્તમ આરોગ્ય તેમજ સુખાકારી માટે સતત કાર્યશીલ છે.

## સમજૂતિ ફગાવી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રચાર દરમિયાન જ ટ્રમ્પે ઓબામાના સમયે થયેલી ઈરાન સમજુતી ફગાવી અનેકવાર જાહેરમાં તેની ટીકા કરી હતી. તેમને આ સમજુતીને અયોગ્ય ગણાવી હતી. આ સમજુતીને આખરી ઓપ આપનારા તત્કાલિન અમેરિકી વિદેશ મંત્રી જૉન કેરી હતાં.

ટ્રમ્પના આ નિર્ણય બાદ અમેરિકમાંથી જ પ્રતિક્રિયા આવવાની શરૂ થઈ ગઈ છે. અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ આ બાબતને એક ગંભીર ભુલ ગણાવી છે અને સાવચેત કર્યા છે કે, તેનાથી અમેરિકાની વૈશ્વિક વિશ્વસનીયતાને નુંકશાન પહોંચશે. જ્યારે રશિયાનું કહેવું છે કે, તે ટ્રમ્પના નિર્ણયથી ખુબ જ નિરાશ છે. જુલાઈ ૨૦૧૫માં ઓબામા પ્રશાસન સમયે અમેરિકા, બ્રિટન, રશિયા, ચીન, ફ્રાંસ અને જર્મની સાથે મળીને ઈરાને આ સમજુતિ કરી હતી. સમજુતી અનુંસાર ઈરાને પોતાના સંવર્ધિત યૂરેનિયમના ભંડારને ઘટાડવાનો હતો અને પોતાના પરમાણું રિએક્ટર્સને વિશ્વના દેશો માટે દેખરેખ માટે ખોલવાના હતાં.

## હિસ્સેદારી વેચી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રોકાણકારોમાં રહી ચુકેલા ટાઈગર ગ્લોબલ અને એસ્સેલ પાર્ટનરની પણ ટેસેંટની સાથે પોતાની નાનકડી હિસ્સેદારી યથાવત રહેશે. ફ્લિપકાર્ટના ૨૦ટકા શેર ધરાવનાર જાપાની સોફ્ટ બેંક પણ વોલમાર્ટને પોતાના શેર વેચીને કંપનીમાંથી નિકળી જશે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ન્યુયોર્કના હેઝફંડ ટાઈગર ગ્લોબલ અને અમેરિકાની પ્રાઈવેટ ઈક્વિટી કંપની એસ્સેલ પાર્ટનર્સ પણ પોતાની હિસ્સેદારી વેચા દેશે. ચીનની ટેસેંટ હોલ્ડિંગ વોલમાર્ટની માલિકીની ફ્લિપકાર્ટમાં યથાવતરીતે રહેશે. ઈ-રિટેલરમાં સૌથી મોટા રોકાણકાર સોફ્ટ બેંકે કહ્યું છે કે, વોલમાર્ટ-ફ્લિપકાર્ટ સમજૂતિ મંગળવારે રાત્રે કરવામાં આવી હતી જ્યારે ભારતીય સમજુતિ આજે બપોરે થઈ હતી. તમામ લોકો જાણે છે કે, હરીફ કંપની એમેઝોને પણ ફ્લિપકાર્ટમાં હિસ્સેદારી મેળવવા માટે તૈયારી દર્શાવી હતી પરંતુ ભારતીય ઓનલાઈન રિટેલરે વોલમાર્ટ દ્વારા કરવામાં આવેલી ઓફર પર તૈયારી દર્શાવી હતી. આ સમજૂતિને વિશ્વની સૌથી મોટી ઈ-કોમર્સ સમજૂતિ તરીકે ગણવામાં આવે છે. આની સાથે જ એમેઝોન સાથે વોલમાર્ટની સ્પર્ધા વધુ તીવ્ર બનશે. એમેઝોન દ્વારા ભારતમાં ૨૬૦૦ કરોડ રૂપિયા ઠાલવવાની જાહેરાત પહેલાથી જ કરી દીધી છે. આની સાથે જ રકમનો આંકડો ૧૦૭૫૦ કરોડનો થઈ ગયો છે.

## રસીકરણ અભિયાન.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આવુ જ રસીકરણનું એક અભિયાન ૨૦૧૩-૧૪માં યોજવામાં આવ્યુ હતુ.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે નવ માસની આયુથી શરૂ કરી અને ૧૫ વર્ષની વય ધરાવતા તમામ બાળકોને આ અભિયાનમાં આવરી લેવામાં આવશે. મિઝલ્સ એ હવાથી ફેલાતો રોગ છે. જિલ્લામાં છુટાછવાયા ક્યારેક આવા કેસો મળતા હોય છે તેમ પણ આ સૂત્રોએ સ્વીકાર્યુ હતુ. જો કે ચિકનપોક્સની તુલનામાં મિઝલ્સના કેસ ઓછા જોવા મળતા હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ હતુ.

આ માટે ગામે ગામ વાલીઓ તેમજ ગ્રામજનો સાથે પણ બેઠકો યોજવામાં આવશે. આ અભિયાનમાં સ્વૈચ્છીક સંગઠ્ઠનોનો પણ સહયોગ લેવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ હતુ.

## વ્યવસ્થા આપો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાઈવે નં. ૮ના વિસ્તૃતીકરણ અને મજબુતીકરણની કામગીરીને પગલે આ બે ગામોને જોડતી માર્ગ-વ્યવસ્થા છીનવાઈ જવા પામી છે. આનાથી ખેડૂતો પશુપાલકો તેમજ ગ્રામજનોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ માટે ગ્રામજનોને વૈકલ્પિક વ્યવસ્થા કરી અને રસ્તો જોડી આપવા જણાવ્યુ હતુ. નેશનલ હાઈવે ઓથોરીટીના જક્કી વલણ સામે આ બે પદાધિકારીઓએ નારાજગી વ્યક્ત કરી હતી અને જણાવ્યુ હતુ કે રોજબરોજના વ્યવહારો માટે ૪ કિ.મી. ફરવુ એ ગરીબ ગ્રામીણ પ્રજાને પોસાય નહિ. આ ગામોમાં બક્ષીપંચની વસ્તુ વધુ છે એટલુ જ નહિ આર્થિક રીતે સક્ષમ અથવા સમર્થ પણ નથી તેમજ ખેતી અને પશુપાલન આવકનું મુખ્ય સ્ત્રોત છે. આ બન્ને આગેવાનોએ કલેક્ટરને તાકીદે દરમ્યાનગીરી કરવા રજુઆત કરી જણાવ્યુ છે કે જો આ પ્રશ્ન નહિ ઉકેલાય તો ના છૂટકે આંદોલન કરવાની ગ્રામજનોને ફરજ પડશે.